| | | |
|---|---|---|
| GJAM070000592026 | सत्यमेव जयते | દાખલ તારીખ :૧૭–૦૪–૨૦૨૬<br>રજી. તારીખ : ૧૭–૦૪–૨૦૨૬<br>ફેસલ તારીખ : ૧૪–૦૮–૨૦૨૬<br>સમયગાળો :વર્ષ–માસ–દિવસ<br>૦૦ – ૦૩ – ૨૮ |

**વડીયાના મહે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.વડીયા–જિ.અમરેલી**

ફોજદારી કેસ નંબર –૨૮/૨૦૨૬
આંક – ૨૩

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** વિપુલભાઈ રવજીભાઈ કોરાટ,
ઉ.વ.૩૬, ધંધો–મજુરી,
રહે. મોટી કુકાવાવ, સુભાષ ચોક,
તા. વડીયા, જી. અમરેલી.

ફરીયાદી પક્ષે :– એ.પી.પી.શ્રી
આરોપી પક્ષે :– વિ વ.શ્રી કે.પી.સેજુ

**ગુન્હો:– ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫ (એ) (એ) મુજબ**

**–::ચુકાદો::–**

(૧) ફરીયાદ પક્ષની ટુંકી હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૦૧/૨૦૨૬ ના કલાક ૧૯/૧૫ વાગ્યે વાવડી ગામે ગેર કાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં દેશી દારૂ લીટર ૦૩ કિ.રૂ.૬૦૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, તેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ) અંતર્ગત ફરીયાદ નોંધાતા, આ કામના ત.ક.અ. ધ્વારા તપાસ હાથે ધરી, આરોપી સામે પુરતો

પુરાવો મળી આવતા, તેઓએ અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ સદર ગુનાની ચાર્જસીટ રજુ કરવામાં આવેલ, જેથી આ કેસ ઉપસ્થિત થયેલ.

(૨) ચાર્જસીટ રજુ થતા અત્રેની અદાલત ધ્વારા આરોપીને સમંન્સ કાઢવામાં આવેલ, જેથી આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ, તેઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ વિના મૂલ્યે ચાર્જશીટની નકલ પુરી પાડવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાનું તહોમતનામું આંક–૦૫ થી ફરમાવી, આરોપીની પ્લી આંક–૦૬ થી નોંધતા તેઓએ પોતાની સામેનો ગુનો કબુલ નહિ હોવાનું જણાવેલ. જેથી સદર કેસની ન્યાયીક કાર્યવાહી હાથે ધરવામાં આવી.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજુ કરાયેલ લેખીત અને મૌખિક પુરાવાને ધ્યાને લેતા, આરોપીનું બી.એન.એસ.એસ.કલમ ૩૫૧ મુજબનું આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ અને પોતે નિર્દોષ હોવાનો અને પોતાના બચાવમાં કોઈ સાક્ષી કે પુરાવો રજુ નહિ કરવાનુ જણાવેલ છે.

(૪) સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ સાબીત કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૦૧/૨૦૨૬ ના કલાક ૧૯/૧૫ વાગ્યે વાવડી ગામે ગેર કાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં દેશી દારૂ લીટર ૦૩ કિ.રૂ.૬૦૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, તેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ૬૫(એ)(એ) મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદા અંગે મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમા

૨. આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

(૬) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામા આવે તો આ કામે પંચ વિપુલભાઈ મનસુખભાઈ સોલંકીઓની જુબાની આંક–૦૭ થી લેવામા આવેલ. તેમની સરતપાસમાં ફરીયાદી ટુંકમાં જણાવે છે કે, ''હું પોલીસ સાથે કોઈ જગ્યાએ રેઈડમાં ગયેલ નહી કે મારી હાજરીમાં કોઈ ઈસમ પાસે થી દારૂ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નહી. મને પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પં ચ– ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ. જે પંચનામાને રજુ દાખલ આં ક–૦૮ આપવામાં આવે છે. પોલીસે મને લખેલ કાગળ પર સહી કરવાનુ કહેતા મે તેમાં સહી કરેલી. આ સિવાય હું આ વિષય પર કઈ જાણતો નથી.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનુ કહેતા મે સહી કરેલી એ સિવાય મને બીજી કોઈ હકિકતની ખબર નથી, મારી હાજરીમાં કોઈ ઈસમ પાસે થી દારૂ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી, પંચનામાની મને કોઈ જાત માહિતી નથી.

(૬.૧) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામા આવે તો આ કામે સાહેદ દાદભાઈ તખુભાઈ બળસાટીયાઓની જુબાની આંક–૧૪ થી લેવામા આવેલ. તેમની સરતપાસમાં ફરીયાદી ટુંકમાં જણાવે છે કે, '' ગઈ તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ અમો તથા પો.કો. મયુરભાઈ પ્રભાતભાઈ છૈયાએ રીતેના પ્રોહી ડ્રાઈવ અંગે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન વાવડીરોડ બસ સ્ટેશન પાસે આવતા એક શંકાસ્પદ ઈસમ સામેથી આવતો હોય અને જે ઈસમને રોકી ચેક કરતા તેની હાથમાં એક કાપડની થેલી હોય જે થેલી ચેક કરતા થેલીની

અંદર પ્રવાહી ભરેલી પ્લાસ્ટીકની બાર કોથળીઓ હોય જેમાં એક સરખુ પ્રવાહી ભરેલ હોય જે પ્રવાહી શંકાસ્પદ લાગતા નજીકમાંથી બે પંચો બોલાવી કોથળી સુંધી સુંઘાડી ખાત્રી કરતા દેશી પીવાનો દારૂ હોય અને દારૂ રાખવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી પ્લાસ્ટીકનુ કેન મંગાવી પ્રવાહી ભરેલ તમામ કોથળીઓ કેનમાં ખાલી કરી જોતા આશરે ૩ લીટર જેટલો દેશી દારૂ હોય જેથી એક કાચની બોટલમાં ૧૮૦ મી.લી. દારૂ કબ્જે કરી તપાસ અર્થે કબ્જે કરેલ અને બાકીનો દારૂ આશરે ૩ લીટર જેટલો દારૂ કેનમાં જેમનો તેમ રહેવા દઈ કેન અને બોટલનુ ઢાકણુ બંધ કરી લાખ થી પો.સ.ઈ. વડીયાનુ શીલ કરી અને કાચની બોટલની કિ.રૂા.૦૦/– અને કેનમાં રહેલ દારૂ ૩ લીટર જેટલો હોય કિ.રૂા.૬૦૦/– ગણી તપાસ અર્થે પંચો રૂબરૂ કબ્જે કરેલ અને મજકુર વિપુલભાઈ રવજીભાઈ કોરાટ, ઉ.વ. ૩૬, ધંધો – મજુરી રહે. મોટી કુંકાવાવ વાળાને પંચો રૂબરૂ વિગતવારનુ કલાક ૧૮:૪૫ થી ૧૯:૧૫ સુધીનુ પંચનામુ મારા રૂબરૂ કરેલ અને સદરહુ પંચનામુ ઈ–સાક્ષી એપ્લીકશેનમાં અપલોડ કરી આરોપી અટક કરેલ.

આજરોજ એફ.આઈ.આર. થી ઈ–સાક્ષ્યમાં જોતા બ્રાઉજીંગ થતુ હોય ફોટોગ્રાફ્સ કે વિડીયો પ્લે થયેલ નથી.

આ કામે સાથેના પો.કો. મયુરભાઈ પ્રભાતભાઈ છૈયાનાઓએ ફરીયાદ આપેલ. જે અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં પો.કો. મયુરભાઈ પ્રભાતભાઈ છૈયાનાઓની સહી છે જે અમારા સાથી કર્મચારી હોય તેની સહી ઓળખુ છુ જેને **દા. રજુ આંક–૧૫** આપવામાં આવે છે.

ત્યાર બાદ મજકુર ઈસમોનો એરેસ્ટ મેમો તથા ચહેરાનીશાન પત્ર ભરવાની તજવીજ કરેલ. ત્યાર બાદ પી.એસ.ઓ. વડીયા પો.સ્ટે.નાઓએ તપાસ અમોને ડેપ્યુટ હુકમ થી સોંપતા અમોએ તપાસ

સંભાળી લીધેલ. જે ડેપ્યુટ હુકમ રજુ કરૂ છું જેને રજુ **દા. આંક– ૧૬** આપવામાં આવે છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. એફ.એસ.એલ. તપાસ માટે મુદામાલ મોકલવા તથા તપાસ કરવા માટે નાયબ પોલીસ અધિક્ષકશ્રીનુ સત્તા અંગેનુ પ્રમાણપત્ર મેળવેલ જે સત્તા અંગેનુ પ્રમાણપત્ર મેળવવા પત્ર કરેલ જે પત્ર આ કામે રજુ છે જેને રજુ **દા. આંક– ૧૭** આપવામાં આવે છે. ત્યાર બાદ ફોરેન્સીક લેબોરેટરીને મુદમાલ પૃથ્થકરણ માટે મોકલેલ જે પત્ર રજુ કરુ છુ જેને રજુ **દા. આંક–૧૮** આપવમાં આવે છે. આ પત્રની સાથે રવાનગી પત્રક તપાસ સત્તા અંગેનુ પ્રમાણપત્ર મોકલેલ જે રજુ કરૂ છું જેને રજુ **દા. આંક– ૧૯ તથા આંક–૨૦** આપવામાં આવે છે. બાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટ માં ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખુ છુ. આજરોજ નામ. કોર્ટમાં હાજર હાજર નથી. આરોપીનો મુકિત અરજી રજુ થયેલ હોય આરોપીની ઓળખ અંગેની તકરાર નથી.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પ્રેટ્રોલીંગમાં કયુ વાહન લઈને ગયેલા તે ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નથી, આ કામના પંચો કાયમી પંચો છે અને ઘણા કેસમાં પંચો તરીકે હોય છે, બનાવ વાળી જગ્યાએ ત્રણ રોડ ભેગા થાય છે, બનાવ વાળુ સ્થળ જાહેર રોડ હોય ત્યાં માણસો તથા વાહનોની અવર જવર ચાલુ હોય છે, મે મારી તપાસના કામે રાહદારી કે વાહન ચાલકોના નિવેદન લીધેલ નથી, આરોપી કયાંથી આવતા હતા અને કયા જતા હતા તે ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નથી.

**ઉપરોકત ૬.૧ તથા ૬.૨ ના પેરામાં તપાસવામાં આવેલ** સાહેદની જુબાની જોવામાં આવે તો, તેઓ આરોપી પાસેથી પ્રતિબંધીત દેશી દારૂ કબ્જે કર્યાના પંચો છે પરંતુ પંચ સાહેદો તેમની જુબાનીમાં આરોપી

પાસેથી પોલીસે દેશી દારૂ કબ્જે કર્યો હોય તેવા કોઈ હકીકતને સમર્થન કરતા નથી.

(૭) સદર કામે ફરીયાદી તથા ત.ક.અમલદારનાઓ પોલીસના કર્મચારીઓ છે. વળી **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પટેલ (૧૯૭૯ કિ.લો.જ. મહા. ૪૨૧)** માં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. જેથી ફકત તેઓના નિવેદનોને ધ્યાને લઈ સદર કામના આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતું નથી.

(૮) વધુમાં સદર કામે પોલીસ દવારા પ્રતિબંધિત દારૂ જાહેર જગ્યાએથી કબજે કરવામાં આવેલ. વળી, તે પ્રતિબંધિત દારૂનો જથ્થો ચોકકસપણે આરોપીની માલીકીનો જ હોય તે બાબતનો તેઓની કબુલાત સીવાયનો અન્ય કોઈ સીધો પુરાવો જણાય આવેલ નથી.વધુમાં **માનસીગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨** જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. પેજ નંબર .૨૨૭૬૯ માં પ્રસ્થાપિત સિધ્ધાતં મુજબ'' જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થ આપતા ન હોય તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ. પટેલ(૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧) માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહી. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ

સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમથર્ન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

(૯) આમ, સદર કામે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ, પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે આરોપીની ધરપકડ તેમજ પકડેલ પ્રવાહી મુદામાલમાથી સેમ્પલ પંચોની હાજરીમાં થયેલ હોવાનું જણાંવવામાં આવ્યુ છે. પરંતુ સદર કામનાં પંચોએ સદર હકિકતના સંદર્ભમાં કોઈ નિવેદન આપેલ નથી. જેથી સદર કામે, પોલીસે પકડાયેલ પ્રવાહીમાથી સેમ્પલ કલેકટ કરેલ હોય તે વિશે શંકા ઉપસ્થિત થાય છે. આ કામે એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ તપાસ કરનાર અમલદારે ચાર્જસીટ સાથે કે પુરાવા સમયે રજુ કરેલ ન હોય જેથી આ પ્રવાહી દેશી દારૂ જ હતો તે પુરવાર થતુ નથી. સદર કામે ફરીયાદી અને ત.ક.અમલદારનાઓ પોલીસ સાહેદો છે, જેથી ફકત તેનું નિવેદન ધ્યાને લઈ સદર કામનાં આરોપીને સદર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી. આમ, ફરીયાદ પક્ષ હાલનાં આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય. જેથી મુદદા નંબર ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ પ્રવાહીના નમુનાનો સરકારશ્રીના નિયમ મુજબ નિયત કરેલ સમિતિ રૂબરૂ અપીલ પીરીયડનો સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) આરોપીને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીએ બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ– ૪૮૧ મુજબ રૂા.૫૦૦૦/– ના અપીલ સમયના જામીન તથા જામીનખત રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૪ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૪/૦૮/૨૦૨૬
વડીયા.

(ઓ.બી.ગોહિલ)
જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડીયા.
(જજ કોડ–જીજે ૦૧૭૧૭)